Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH




પુસ્તક : ૯૬ ✠ અંક ૭-૮

વૈશાખ-જેઠ
મે-જુન : ૯૯

✠ આત્મ સંવત : ૧૦૩ ✠
卐
✠ વીર સંવત : ૨૫૨૫ ✠
卐
✠ વિક્રમ સંવત : ૨૦૫૫ ✠


वीरपूरुषवद् यो हि जनो जानाति जीवितुम् ।
मर्तुं प्रज्ञालवच्चासौ धन्योऽस्ति कुशली कृती ॥

જે વીર પુરુષની જેમ જીવી જાણે છે અને પ્રાજ્ઞ પુરુષની જેમ
મરી જાણે છે તે પુણ્યશાળી ધન્ય છે, કૃતાર્થ છે.

He is meritorious, successful and blessed,
who knows to live like a hero
and also to die like a wiseman.

(કલ્યાણભારતી ચેપ્ટર-૪ : ગાથા-૧૩ * પૃષ્ઠ ૫૧૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સાચા જૈનના લક્ષણ (કાવ્ય) .... .... | પ્રેષક : મુકેશ સરવૈયા | ૪૯ |
| (૨) | સંસારના સર્વ ભોગ વિલાસમાં જલકમલની જેમ અલિપ્ત રહો .... | પૂ. મુનિશ્રી રાજરત્નવિજયજી મ. સા. | ૫૦ |
| (૩) | શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પ્રવેશ અંગેની અખબારી યાદી.... | ખાંતિલાલ જી. શાહ | ૫૩ |
| (૪) | પૂ. જંબૂવિજયજી મ. સાહેબનું જેસલમેર જ્ઞાન ભંડાર માટે અપૂર્વ યોગદાન.... | પ્રમેશચંદ્ર ગાંધી | ૫૪ |
| (૫) | મોહનભાઈના મનમોહક અનુભવો .... | — | ૫૬ |
| (૬) | (સ્વ.) શ્રી યુ. એન. મહેતાની સંઘર્ષભરી પ્રેરક જીવનગાથાનું વિમોચન .... | — | ૫૯ |
| (૭) | પૂ. શ્રી જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો (ગતાંકથી ચાલુ–હપ્તો ૧૩મો) .... | — | ૬૦ |
| (૮) | ધર્મ માણસને તારે છે .... | — | ટાઈટલ ૩ |


**આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી**

## શ્રીમતિ લીલાવતીબેન કાંતિલાલ શાહ–મુંબઈ

પ્રતિકુળતાના સમયમાં
કદાચ આંખમાંથી આંસુઓ
વહી જાય તો વ્યથિત ન થશો....
પરંતુ
એ કપરા સમયમાં અંતરમાંથી
આપણું સત્વ વહી ન જાય
એની તકેદારી રાખવાની
ખાસ જરૂર છે....



ધર્મ નહીં કરી શકવાના
ઘણા બધા સાચા કારણો
હોઈ શકે છે પરંતુ
ધર્મ ન ગમવા માટેનું
કોઈ કારણ નથી હોતું....
ધર્મ નહીં થવાનું કારણ
તમારી જાતને પૂછો....
ધર્મ થતો નથી? કે ગમતો નથી?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

## સાચા જૈનના લક્ષણ

સાચો જૈની તેજ ગણાયે, કર્મ સ્વરૂપ જે જાણે રે;
આવે ઉદય શુભાશુભ જ્યારે, હર્ષ શોક તવ નાણે રે.
સાચો૦ ૧

જીવનમાં જિન વચન ઉતારે, રાગ-દ્વેષને વૈરી ગણે;
સમભાવે ભવસાગર તરતો, ક્ષમા ખડગથી કર્મ હણે.
સાચો૦ ૨

વિષય-કષાય ગણે ભવકારણ, દયા દાનમાં પ્રેમ ધરે;
પરના સુખમાં નિજ સુખ સમજે, કુવાસના પર વિજય કરે.
સાચો૦ ૩

બોલે સ્યાદ્વાદ શૈલીથી, નય નિક્ષેપનું જ્ઞાન લહે;
પ્રભુ આજ્ઞાને પ્રીતે પાળે, નિજ દોષો પરગુણને કહે.
સાચો૦ ૪

સેવામાં સદ્ધર્મને સમજી, અર્પે પ્રાણો પર કાજે;
જળકમળ સમ રહે નિત જગમાં. વૃત્તિ રાખી જિનરાજે.
સાચો૦ ૫


દેવગુરુ સદ્ધર્મ પિછાણે, દ્રવ્યગુણે પર્યાય સ્મરે;
શિવકર સમકિત દિપ પ્રકાશે, અવિદ્યારૂપી તિમીર રે.
સાચો૦ ૬

પ્રેષક : મુકેશ સરવૈયા


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# સંસારના સર્વ ભોગ વિલાસમાં જલકમલની જેમ અલિપ્ત રહો



લેખક : પૂ. આ. શ્રી સૂર્યોદયસૂરિજી મ. ના શિષ્ય
પૂ. મુનિશ્રી રાજરત્નવિજયજી મ. સાહેબ

પ્રભુ જ્યારે યુવાવસ્થામાં પ્રવેશ્યા ત્યારે એમણે યશોદા નામની રાજકન્યા સાથે લગ્ન કર્યા. શાસ્ત્રો નોંધે છે કે પરમાત્મા આજન્મ વિરક્ત હોય છે. એમના લગ્ન થયા પણ નિકાચિત ભોગકર્મના ક્ષય માટે જ છે. એથી જ '**અરિહંત વંદનાવલિ**'માં આ અંગે સ્તુતિ કરાઈ છે કે '**મૈથુન પરીષહથી રહિત જે નંદતા નિજભાવમાં, ને ભોગકર્મ નિવારવા વિવાહ કંકણુ ધારતા!**' માત્ર ભોગકર્મક્ષયના લક્ષ્યથી લગ્ન કરનાર પ્રભુ લગ્ન-જીવનમાં પણ એવા વિરક્ત/અલિપ્ત રહે છે કે એમના જૂના કર્મોનો નાશ થઈ જાય છે અને વિરક્ત ભાવ હોવાથી નવાં કર્મો જોરદાર બંધાતા નથી. પ્રભુની આ અનાસક્તિ, કાજળની કોટડીમાં રહેવા છતાંય કાજળના કલંકથી મુક્ત રહેવાની કઠિન સાધના સમી છે આવી અનાસક્તિ દ્વારા પ્રભુ જગતને આદર્શ આપે છે કે ભોગ વિલાસથી મુક્ત ન જ થવાય. તેવી સ્થિતિ હોય તો ભોગોમાં જલકમલની જેમ અલિપ્ત રહો. અર્થાત્ કમલ જેમ કાદવમાં જન્મે છે અને કાદવ વચ્ચે જીવે છે છતાંય એનાથી અલિપ્ત રહે છે એમ આપણે પણ ભોગોમાં જન્મવા અને જીવવા છતાં એનાથી અલિપ્ત રહેવાની કળા આત્મસાત્ કરવી જોઈએ....

કેટલાંક મુગ્ધજનો આવો અદ્ભુત આદર્શ આપનાર પ્રભુના લગ્ન પ્રસંગમાંથી અવળો આદર્શ ગ્રહે છે કે ભગવાન મહાવીરે પહેલાં લગ્ન કર્યા અને પછી દીક્ષા સ્વીકારી, માટે આપણે પણ પહેલાં તો લગ્ન જ કરવા, દીક્ષાની વાત પછી કરવી!! વસ્તુતઃ આ એક અણ-સમજ છે, જેમ કે જે ઘડિયાળની ચાવી પૂરી થઈ ન હોય તે ઘડિયાળ ચાલુ રહે છે અને જે ઘડિયાળની ચાવી પૂરી થઈ ગઈ હોય તે ઘડિયાળ બંધ રહે છે, એમ જે પ્રભુના નિકાચિત ભોગકર્મ ક્ષીણ ન થયા હોય તેઓ લગ્નાદિ પ્રવૃત્તિમાં જોડાય છે અને જે પ્રભુના નિકાચિત ભોગકર્મ ક્ષીણ થયા હોય તેઓ લગ્નાદિમાં જોડાતા નથી. પ્રભુ મલ્લિનાથ, પ્રભુ નેમિનાથ વગેરેના જીવન આ વાતના પ્રબળ પુરાવા છે. આથી પેલા મુગ્ધજનોના કથનનો છેદ ઉડી જાય છે. મુગ્ધજનોની એ વાત તો 'મહાભારત'માંથી વિચિત્ર આદર્શ સ્વીકારનાર પેલી સ્વચ્છંદી સ્ત્રીની વાત જેવી હાસ્યાસ્પદ છે.

એક સ્વચ્છંદી સ્ત્રી રોજ મહાભારતની કથા સાંભળવા આવે. કથાને અંતે કોંકે એને પૂછ્યુઃ 'કેમ કોઈ આદર્શ સ્વીકાર્યો કે નહિ?' 'હા, હા, મેં દ્રૌપદીનો આદર્શ અપનાવ્યો છે' 'એમ? એનું સતીત્વ સ્વીકાર્યું લાગે છે?' 'ના ના, મેં તો એના પાંચ પતિત્વની વાત સ્વીકારી છે. એ પાંચ પતિ કરે, તો હું પણ પાંચ પતિ કરી શકું ને!!!' સ્ત્રી બોલી.... વસ્તુતઃ દ્રૌપદીનું પાંચ પતિત્વ એના પૂર્વા-કર્માધીન હતું અને એનું મહાસતીત્વ આદર્શ-રૂપ હતું. એમ પરમાત્માનું લગ્ન ભોગકર્માધીન છે અને એમાં ઝળહળતા અદ્ભુત વિરક્તિ, અંતરથી ન્યારાં રહેવાની મહાન કળા, પરમ આદર્શરૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુએ આપેલ અલિપ્તતાનો આ આદર્શ અત્યંત મૂલ્યવાન છે. પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે 'અધ્યાત્મસાર'ના પાંચમાં અધિકારમાં એક સરસ વાત કરી છે, જે આસક્તિથી લેપાય છે-ખરડાય છે એ જ કર્મબંધનથી બંધાય છે, જેમ શ્લેષ્મની ચીકાશમાં ખરડાયેલી માખી એમાં ચોંટી જાય છે તેમ....અને જે આસક્તિથી લેપાતો નથી તે કર્મબંધનથી બંધાતો નથી, જેમ સૂકો માટીનો પિંડ દિવાલ પર ચોંટતો નથી એમ !! કેવી મજાની વાત છે આ....આનાથી નિશ્ચિત થાય છે કે કર્મબંધનો આધાર પ્રવૃત્તિ નહિ, પરંતુ પરિણતિ છે '**પરિણામે બંધ**' આ કથન એટલે જ પ્રચલિત છે ને? અલબત્ત, પરિણતિના નિર્માણમાં પ્રવૃત્તિ સહાયક બને છે. એથી એની ઉપેક્ષા કરવા જેવી નથી. આ વાત સંપૂર્ણ સત્ય છે, તેમ એની સાથે સાથે કર્મબંધના કારણરૂપે પ્રવૃત્તિ કરતાં પરિણતિ વધુ ચઢિયાતી છે, આ વાત પણ સંપૂર્ણ સત્ય જ છે એ ભૂલાવું ન ઘટે. આથી જ તો પરમાત્માએ આપણને અલિપ્ત – અનાસક્ત પરિણતિ કેળવવાનો અદ્ભુત આદર્શ આપ્યો છે. વ્યવહારમાં પણ જ્યાં આસક્તિ હોય છે ત્યાં જ બંધન હોય છે. એક સંત શિષ્યો સાથે વિહાર કરી રહ્યા હતા, સામેથી એક ખેડુત ગાયને દોરતો દોરતો આવી રહ્યો હતો એ દૃશ્ય નિહાળીને ગુરુએ શિષ્યને પ્રશ્ન કર્યો: 'ગાયને ખેડુતનું બંધન છે કે ખેડુતને ગાયનું?'

'ભંતે, ગાયને ખેડુતનું બંધન છે,' શિષ્યોએ કહ્યું: ગુરુએ સ્મિત વેરતાં કહ્યું: 'ના, હકીકતમાં ખેડુતને ગાયનું બંધન છે' શિષ્યો વિચારમાં ચડી ગયા. ભલા, બંધન-દોરડું તો ખેડુતના હાથમાં છે તો પછી ખેડુતને ગાયનું બંધન શી રીતે? એમણે ગુરુ સમક્ષ મુંઝવણ વ્યક્ત કરી. ગુરુ રહસ્યમર્યું હસ્યા.

એ અરસામાં ચાર-પાંચ કૂતરાં જોરથી ભસતાં ભસતાં ગાય તરફ ધસી આવ્યાં ગાય ભડકી અને દોરડું છોડાવીને ઝડપથી ભાગી છૂટી. ખેડુતે ગાયને પકડવા પીછો કર્યો. આગળ ગાય અને પાછળ ખેડુત!! ગુરુએ શિષ્યોને આ દૃશ્ય બતાવીને પેલું રહસ્ય છતું કર્યું: 'જુઓ દેખીતી રીતે ભલે ગાયને ખેડુતનું બંધન હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે ખેડુતને જ ગાયના મમત્વનું બંધન છે. એથી જ એ ગાયની પાછળ દોડે છે. જ્યારે ગાયને આવું કોઈ બંધન નથી માટે એ ખેડુતની પરવા કર્યા વિના દોડે છે' શિષ્યોના અંતરની આશંકા ઓગળી ગઈ.

આપણી સ્થિતિ પણ આ ખેડુત જેવી છે. આપણે ભલે સ્ત્રી-સંપત્તિ-ઘર-વૈભવ વિગેરે પર આપણું સ્વામીત્વ માનતા હોઈએ. કિંતુ ખરેખર તો એ બધાનું મમત્વ=આસક્તિ જ આપણા પર સ્વામીત્વ ધરાવતી હોય છે અને આપણને કર્મના બંધનમાં બાંધતી હોય છે. '**જ્ઞાન-સાર**' મહાગ્રંથમાં એટલા જ માટે મમત્વને એક એવું આશ્ચર્યજનક બંધ ગણાવાયું છે કે એ બંધન જીવ નાંખે છે સ્ત્રી-સંપત્તિ આદિ અન્ય પદાર્થો પર, પરંતુ ફલસ્વરૂપે બંધાય છે જીવ ખુદ પોતે, પેલી વ્યક્તિ / વસ્તુઓ નહિ!! આસક્તિના આવા અભિશાપ છે!!!

પ્રભુ મહાવીરે લગ્ન જેવી અત્યંત ગાઢ આસક્તિ સર્જનારી પ્રવૃત્તિમાં ય સર્વથા વિરક્ત રહીને આપણને અનાસક્તિનો – અલિપ્તતાનો આદર્શ આપતાં જાણે જણાવ્યું છે કે કર્મવશ આવી પ્રવૃત્તિ કરવી પડે તો પણ એ રાચી-માચી-નાચીને તો ન જ કરો. જો રાચીને આવી પ્રવૃત્તિ કરશો તો કર્મબંધ જાલિમ થશે અને અનાસક્ત ભાવ ધરશો તો કર્મબંધ નહિવત થશે.

આપણે પ્રભુનો આ, ભોગોમાં જલકમલની જેમ અલિપ્ત રહેવાનો આદર્શ અંતરમાં અંકિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીએ અને એ માટે જિંદગીની પેલી વાસ્તવિકતાનું સતત્ ચિંતન કરીએ કે :—

" શાયદ ઇસીકા નામ દુનિયા હૈ,
કોઇ આ રહે હૈ કોઇ જા રહે હૈ,
ઇધર એક દુલ્હા ઘોડે ચડકે જા રહે હૈ,
ઉધર કુછ લોગ જનાજા ઉઠાકે જા રહે હૈ.
ઇધર વાહ વાહ હૈ,
ઉધર ઠંડી ઠંડી આહ હૈ,
કભી સુખ હૈ કભી દુ:ખ હૈ,
ઇસે જિન્દગી કહતે હૈ ॥ "

મુંબઇ સમાચાર દૈનિક
તા. ૩-૯-૯૭માંથી સાભાર

# શોકાંજલિ

શ્રી ખાંતિલાલ ફતેચંદ શાહ (ઉષા ટ્રેડસંવાળા) ભાવનગર મુકામે તા. ૧૦-૪-૯૯ના રોજ દુઃખદ અવસાન પામેલ છે.

તેઓશ્રી આ સભાના પેટ્રન સભ્ય હતા, તેઓશ્રી આ સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવતા હતા. સભાના વિશિષ્ટ પ્રસંગોએ ખાસ હાજરી આપી સભાના કાર્યોમાં માર્ગદર્શક બનતા હતા. તેઓશ્રીના નિખાલસ સ્વભાવના કારણે વ્યાપારી વર્ગમાં પણ તેમની સારી એવી લોકચાહના હતી.

તેઓશ્રી ભાવનગર જૈન શ્વે. મૂર્તિપૂજક તપાસંઘના નિવૃત્ત કાર્યશીલ મંત્રી અને અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેમના દુઃખદ અવસાન નિમિત્તે સદ્ગતના આત્માને શ્રદ્ધાંજલિ અર્પવા શહેરની અનેક સંસ્થાઓ તેમજ ભાવનગર જૈન શ્વે. મૂર્તિપૂજક તપાસંઘના ઉપક્રમે એક શોકસભા તા. ૧૩-૪-૯૯ના રોજ નૂતન આયંબિલ ભુવન-ભાવનગર ખાતે રાખવામાં આવી હતી.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના પરિવાર પર આવી પડેલ આ દુઃખમાં સભા ઊંડી સમવેદના પ્રગટ કરે છે.

પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઇટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી મહાવીર જૈન વિદ્યાલય : ઓગષ્ટ ક્રાંતિમાર્ગ, મુંબઈ–૪૦૦ ૦૩૬

# ✠ અખબારી યાદી ✠

## વિદ્યાર્થીગૃહોમાં પ્રવેશ મેળવવા અંગે

ધોરણ ૧૦/૧૨ પછીના ડીપ્લોમા/સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરવા ઇચ્છતા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઇ દ્વારા સંચાલિત વિદ્યાર્થીગૃહોમાં જુન ૧૯૯૯ થી શરૂ થતા નવા સત્રથી પ્રવેશ મેળવવા માટેના અરજી પત્રકો તારીખ ૧૫મી મે, ૧૯૯૯ થી આપવામાં આવશે.

મહારાષ્ટ્ર રાજ્યમાં (૧) અંધેરી (મુંબઈ) તથા (૨) પૂના અને ગુજરાત રાજ્યમાં (૧) અમદાવાદ (૨) વડોદરા (૩) વલ્લભ વિદ્યાનગર તથા (૪) ભાવનગર ખાતેના વિદ્યાર્થીગૃહો તેમજ અમદાવાદ ખાતેના કન્યા છાત્રાલયમાં પાત્રતા ધરાવતા ઉમેદવારોને લાયકાતના ધોરણે મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

ઉમેદવારે દરેક વિદ્યાર્થીગૃહ માટે અલગ અલગ અરજી પત્રક ભરવાનું રહેશે. ધો. ૧૨ સાયન્સ પછીના એન્જિનીયરીંગ/મેડીકલ શાખામાં અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે એક અલગ (MULTIPALL) અરજીપત્રક બનાવેલ છે. આ કક્ષાના વિદ્યાર્થીઓએ આ અરજીપત્રક ભરવું જરૂરી છે. વિદ્યાર્થીઓએ પાળવાના નિયમો તથા ધારાધોરણ સાથેના કોરા અરજીપત્રકના રૂા. ૫/- તથા ટપાલ ખર્ચના રૂા. ૩/- જે તે શાખામાં અથવા તો ઉપરના સરનામે રોકડેથી, ટપાલ ટીકીટોથી અથવા મનીઓર્ડર દ્વારા મોકલ્યેથી કોરૂં અરજી-પત્રક ઉમેદવારને મોકલી આપવામાં આવશે

જુદા જુદા ટ્રસ્ટોની સીટોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ જે તે ટ્રસ્ટદાતાની ભલામણનો પત્ર અરજીપત્રક સાથે જોડવો જરૂરી છે. ટ્રસ્ટ સીટોની યાદી માટે અલગ રૂા. ૫/- તથા ટપાલ ખર્ચના રૂા. ૩/- રોકડેથી, ટપાલ ટીકીટ અથવા મનીઓર્ડર દ્વારા મોકલી આપ્યેથી આ યાદી મોકલી આપવામાં આવશે.

જે તે વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ મેળવવા માટેના સંપૂર્ણ ભરેલા અરજીપત્રકો સ્વિકારવાની છેલ્લી તારીખ ૨૫મી જુન, ૧૯૯૯ની છે. જાહેર પરિક્ષાનું પરિણામ ન આવ્યું હોય તેઓએ પરિણામની રાહ જોયા વગર પ્રવેશપત્ર ભરી મોકલી આપવું. પરિણામ મળ્યેથી ગુણપત્રકની પ્રમાણીત નકલ દિવસ પાંચમાં પાછળથી મોકલી આપવી.

તારીખ વીત્યા બાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ.

મુંબઈ-૩૬ **ખાંતિલાલ જી. શાહ**
તા. ૧૦-૫-૧૯૯૯ માનદ્ મંત્રી

For Private And Personal Use Only

# પૂજ્ય જંબુવિજયજી મહારાજ સાહેબનું જેસલમેર જ્ઞાન ભંડાર માટે અપૂર્વ યોગદાન

—પ્રમેશચંદ્ર ગાંધી

જૈન સાહિત્ય અને સંસ્કૃતિના અણમોલ સંગ્રહ સમાન જેસલમેર જ્ઞાન ભંડારના ગ્રંથોનું સંશોધન, સંરક્ષણ અને ઉદ્ધાર માટે આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ સને ૧૯૫૦માં પાદ વિહાર કરીને જેસલમેર પધાર્યા હતાં અને ત્યાં દોઢ વર્ષ રહી આખા જ્ઞાન ભંડારને એમણે પુનઃ વ્યવસ્થિત તૈયાર કર્યો અને શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના આર્થિક સહયોગથી તેઓએ શ્રમસાધ્ય વિસ્તૃત સૂચિ તૈયાર કરી હતી.

આ પછી શાસ્ત્ર સંશોધક, શ્રુત સ્થવિર, વિદ્વદ્વર્ય પૂજ્યપાદ શ્રી જંબુવિજયજી મહારાજ સાહેબ ગત વર્ષનું ( સં. ૨૦૫૪ના વર્ષનું ) ચાતુર્માસ જેસલમેરમાં રહ્યા હતાં. જેસલમેરમાં પાંચેક મહિના રહીને સંપૂર્ણ જ્ઞાન ભંડારના ગ્રંથો અને તાડપત્રીઓની કોમ્પ્યુટર ઉપર કોમ્પેકટ ડીસ્ક ( સીડી ) તેમણે તૈયાર કરાવેલ છે.

મુલુંડમાં રહેતા સાહિત્ય પ્રેમી શ્રી પ્રમેશચંદ્ર ગાંધી ડિસેમ્બર–૯૮માં જેસલમેર ગયા હતાં અને તેઓએ પૂજ્યપાદ શ્રી જંબુવિજયજી મ.સા નું કાર્ય નજરે જોયા પછી આ લેખ તૈયાર કરીને કોન્ફરન્સ સંદેશમાં પ્રસિદ્ધ કરવા આપેલ છે તે અત્રે પ્રસિદ્ધ કરતાં ગૌરવ અનુભવીએ છીએ.

* તંત્રી

દશ વૈકાલિકમાં છે કે ' પઢમમ્ નાણું તઓ દયા ' પ્રથમ દયા પછી જ્ઞાન. જ્ઞાન ક્રિયામાં મોક્ષ કારણું–જ્ઞાન સાથેની ક્રિયાજ મોક્ષનું કારણ બને છે. નવપદ આરાધનામાં પણ પંચ પરમેષ્ઠિને નમસ્કાર વંદન કર્યા પછી જ્ઞાન–દર્શન–ચારિત્ર્ય–તપનું એટલું જ મહત્વ મુકવામાં આવ્યું છે.

જૈન ધર્મ ટકી રહ્યો છે અને ઉત્તરોત્તર વિકાસ પામ્યો છે તો તેના જ્ઞાન ભંડારો જે આપણા પૂર્વ મુનિપુંગવો વ્યવસ્થિત મુકી ગયા છે તેને આભારી છે. પાટણ, ખંભાત, સુરત, અમદાવાદ, વલ્લભીપુર અને જેસલમેરના જ્ઞાન-ભંડારો પ્રખ્યાત છે.

રાજસ્થાન રાજ્યના ઉત્તર ભાગમાં આવેલુ જેસલમેર જે પાકિસ્તાનની સરહદ લગોલગ આવેલું છે તે તેના કલામય જિનભવનો, ભવ્ય, ઉન્નત દેવવિમાન સમાન ભાસતા જિનાલયના ઝુમખા અને નગરના પ્રાસાદો, જાળી-ઝરૂખાઓની બારીક કમનીય નકશી ધરાવતી વિશાળ અને રમણીય હવેલીઓને કારણે જગવિખ્યાત બન્યુ છે. પરંતુ આ બધા ઉપર શિરમોર સમ આકર્ષણનું મુખ્ય કારણ તેના અતિ–પ્રાચીન તાડપત્રીય કાગળ ઉપર સુવર્ણ અને રૂપેરી શાહીથી લખાયેલા જૈન ગ્રંથ ભંડારો છે.

જેસલમેર કિલ્લાથી અંદર લગભગ ૫૦૦-૬૦૦ ફુટની ઉંચાઇ ઉપર આઠ જૈનમંદિર આવેલા છે. જેમાં મુખ્ય શ્રી પાર્શ્વનાથ જીનાલય છે. તે ઉપરાંત શ્રી સંભવનાથ જિનાલય, શ્રી શીતલનાથ જિનાલય, શ્રી ચંદ્રપ્રભ જિનાલય, શ્રી ઋષભદેવ જિનાલય, શ્રી અષ્ટાપદજી જિનાલય, શ્રી શાંતિનાથ જિનાલય અને શ્રી મહાવીર સ્વામિ જિનાલય છે. આ સ્થાનને આજની ભાષામાં ' મીની પાલિતાણા ' પણ કહે છે, કારણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી શત્રુંજય તીર્થ પછી એકી સાથે નજીકમાં વધુમાં વધુ પ્રતિમાઓનો સંગ્રહ જેસલમેરમાં છે. કુલ્લે ૬૬૦૦ પ્રતિમાઓ જેસલમેરમાં બિરાજમાન છે.

શ્રી સંભવનાથજી મંદીરના ભોંયરામાં શ્રી જિનભદ્રસુરી જ્ઞાન ભંડાર સચવાયેલો છે. આ ભંડારમાં લાંબા અને લગભગ ૭૫૦ થી પણ વધારે અતિપ્રાચિન હસ્તલિખીત ગ્રંથો છે. સૌથી પ્રાચિનતમ પ્રતિ 'વિશેષાવશ્યક મહા ભાષ્ય' ની છે જે વિક્રમના દશમાં શતકના પૂર્વાર્ધમાં લખાયેલી છે, જેની લંબાઇ ૩૧॥ ઇંચ અને પહોળાઇ ૨॥ ઇંચ છે.

આ જ્ઞાન ભંડારની સૂચી સને ૧૯૫૦માં થયેલ અને આ સમસ્ત જ્ઞાન ભંડારને વ્યવસ્થિત કરી શ્રમસાધ્ય વિસ્તૃત સૂચી વિ સં. ૧૯૫૧માં આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીએ કરેલ છે. આ સૂચીપત્રમાં પ્રત્યેક ગ્રંથનું નામ, તેની ભાષા, તેના કર્તા, તેનો રચના સમય, તેનો લેખન સંવત / અગર વિક્રમનો શતક, તેની હાલત તથા લંબાઇ, પહોળાઇનો સૂચીમાં સમાવેશ કરેલ છે.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓના અનુદાનથી આ કાર્ય થયેલ છે. દરેક ગ્રંથોની કાષ્ઠપટ્ટિકાઓ, દોરીઓ, વસ્ત્રના બંધન કરીને એલ્યુમિનિયમના ડબ્બામાં અલગ અલગ મુકીને, તે ડબ્બા લોખંડના કબાટની અંદર મુકવામાં આવેલ છે. આ જ્ઞાન ભંડારમાં જવા માટે ફક્ત ૨½' × ૨½'ની ડોકાબારી જેવો દરવાજો છે. લોખંડના પાટીયા ભંડારમાં લઇ જઇ કબાટ અંદર બનાવવામાં આવેલ છે.

આ ગ્રંથ ભંડારમાંના અમુક ગ્રંથોની માઇક્રોફિલ્મ બનાવીને ત્યારે નેશનલ આર્કાઇવ્ઝ, નેશનલ મ્યુઝીયમ, દિલ્હીમાં રાખવામાં આવેલ છે.

આ ગ્રંથ ભંડારનું કેટલોક જેસલમેર કલેકશન શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે તૈયાર કરાવેલ તે અમદાવાદની એલ. ડી. ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડોલોજીએ ૧૯૭૨માં બહાર પાડેલ છે.

હાલ આ સંપૂર્ણ જ્ઞાન ભંડારના દરેક સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથ અને તાડપત્રીઓની કોમ્પ્યુટર ઉપર કોમ્પેકટ ડીસ્ક (સીડી)નું પૂજ્ય મુનિવર્ય શ્રી જંબુવિજયજી મ સા ની દેખરેખ અને માર્ગદર્શન મુજબ છેલ્લા પાંચ મહિના થી કામ ચાલી રહ્યુ છે અને હવે પુર્ણ થવાના આરે છે. લગભગ ૧૮ થી ૨૦ ભાઇઓ દિવસ અને રાત્રી આ કાર્યમાં જોડાયેલા છે, જેનો અંદાજીત ખર્ચ ૧૫ લાખ ઉપરાંત થયેલ છે. આ લખનાર મીડલ ડીસેમ્બરમાં જેસલમેર ગયેલ ત્યારે ૧૧૫૦ થી વધારે ડીસ્ક તૈયાર થઇ ગયેલ અને થોડું જ કામ બાકી હતું. જેસલમેર જ્ઞાન ભંડારના ટ્રસ્ટીઓને ધન્ય છે, તેમણે કોમ્પ્યુટર ઉપર સીડી બનાવવા આ મંજુરી આપી.

તા. ૨૬ ડીસેમ્બર ૯૮ના રોજ જૈન ભવન જેસલમેરમાં આ ડીસ્ક સંઘને અર્પણ કરવાનો મહોત્સવ રાખવામાં આવનાર હતો.

જેસલમેરના વિશાળ અને વિકટ ગણાતા જ્ઞાનભંડારનું સંશોધન આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે કર્યા બાદ પૂજ્ય જંબુવિજયજી મહારાજે જેસલમેરના જ્ઞાન-ભંડારના ગ્રંથો કોમ્પ્યુટર ઉપર કોમ્પેકટ ડીસ્ક (સીડી) બનાવરાવીને એમણે સુંદર ઉદાહરણ પૂરું પાડયું છે. આ કાર્યથી આપણો અમૂલ્ય જ્ઞાન વારસો ભાવિ જૈન પેઢીને ૧૪૦૦ / ૧૫૦૦ વરસો સુધી અચૂક મળશે અને વધારે ને વધારે ફેલાશે.

(કોન્ફરન્સ સંદેશમાંથી સાભાર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મોહનભાઇના મનમોહક અનુભવો

[ "જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર" પુસ્તકમાંથી સાભાર.... ]

અનહદ પુણ્યોદયના લીધે જૈન કુટુંબમાં જન્મ થયો. સાથે સૌ ધાર્મિક પ્રવૃત્તિઓના સંસ્કાર મળ્યા. નવકારથી બધું જ મળે અને રોગ–શોક–ભય વગેરે અનિષ્ટ તત્વો દૂર થાય એમ જાણવા મળ્યું હતું, તેથી બાળપણમાં સંકટના સમયે નવકાર ગણતો ને સંકટ દૂર થતું.

બારેક વર્ષની વયે લાલબાગમાં એક મવાલી છોકરો દબડાવવામાં ન ફાવ્યો. તેથી હંટર કાઢી મારવા આવ્યો, ત્યારે તે હંટર ઝૂંટવીને મેં તેને સામે ફટકાર્યો તે રડતો જઇને પોતાના સરદારને તેડી આવ્યો. હું તો ઘરે જઇને પલંગ નીચે સંતાઈ ગયો ને નવકાર ગણવા લાગ્યો દાદીમાએ તેમને મનાવી લીધા. આમ મહાસંકટમાંથી બચી જવાથી નવકાર ઉપરની મારી શ્રદ્ધા વધુ મજબૂત થઇ.

મને ગુસ્સો બહુ જ આવતો, જે મને પસંદ નહોતું. સુધરવા માટે હું હંમેશ પ્રતિક્રમણ, ચૈત્યવંદન, સામાયિક, તપશ્ચર્યા, વ્યાખ્યાનશ્રવણ, ધાર્મિક વાચન કરતો છતાં ગુસ્સો ઘટ્યો નહિ. લગ્ન પછી એકવાર પિતાજીને પણ લપડાક મારી હતી તથા દોઢ વરસની પુત્રીને પણ મારતો. ઘરમાં પણ આ પ્રકારનો ગુસ્સો જોઇને પત્નીથી રહેવાતું નહિ અને કહેતી કે, 'આટલો બધો ધર્મ કરવા છતાં ગુસ્સો કરો છો તે યોગ્ય નથી' હું કહેતો, 'સારા હેતુથી ગુસ્સો કરૂં છું તેથી ખરાબ ન ગણાય.' ૨૩ વર્ષની વયે જાણવા મળ્યું કે, શુદ્ધિ જાળવવાથી ધર્મ આરાધના જલ્દી ફળે. ન્યાયપૂર્વક મેળવેલી સામગ્રીથી જીવનનિર્વાહ કરાય તો જ પૂરી શુદ્ધિ થાય. ધર્મની શરૂઆત માર્ગાનુસારીના પહેલા ગુણ 'ન્યાયસંપન્ન વૈભવ' એટલે કે ન્યાયથી મેળવેલ સામગ્રીથી થાય છે. આ માટે જરૂરિયાત ઓછામાં ઓછી હોવી જોઇએ એમ લાગતાં એ દિશામાં પ્રયત્નો આદર્યા. અઢી મહિના સુધી બાજરાનો રોટલો ને પાણી બે વખત ને દોઢ મહિના સુધી ફક્ત બાફેલા મગ એક જ વખત જમતો. ફાવી ગયું. આયંબિલ કરીને જીવી શકાય એવી શ્રદ્ધા બેઠી. સસ્તા અને ટકાઉ કપડાં પહેર્યાં. એકંદર મારો એક દિવસનો ખર્ચ ૨૦ ન.પૈ. જેટલો આવતો. તેમાં ૩૦ પૈસાનું દૂધ ઉમેરવાથી આરામથી જીવી જવાય એમ લાગ્યું. સદ્ભાગ્યે પત્ની અને પુત્રીનો પણ સાથ મળ્યો.

આવક માટે મોટાં વાહનો હાંકવાનું લાયસન્સ મેળવ્યું ત્યારે મને ૨૪ વર્ષ થયેલા. ધંધામાં હરિફાઇ હોવાથી અપ્રમાણિક થવું પડતું, એટલે મેં ધંધો છોડ્યો, તેથી મારા ભાગનો નફો પિતાના ફાળે જવાથી ટેક્ષ વધુ ભરવો પડ્યો. આથી ભાઇએ મને સમજાવ્યું કે તારા ભાગથી તારા ખર્ચ કરતાં વધારે ટેક્ષ બચી જાય છે તેથી તારૂં કુટુંબ અમને બોજારૂપ નહિ થાય. મેં ફરીથી ભાગ ચાલુ કર્યો, ત્યારથી ધંધો સંભાળવામાં જે સમય જતો તે બચ્યો અને આખો દિવસ ધાર્મિક વાચન ચિંતન થતું રહ્યું.

પત્ની બીમાર થતાં ગામના તથા શહેરના ડોક્ટરો દ્વારા ક્ષયનું નિદાન થયું. સારવારરૂપે ૬૦ ઇંજેક્શનો લીધા પણ સુધારો ન થયો. ત્યાં એક સાધર્મિક મિત્રે પુસ્તકમાંથી જડેલ ઉપાય કહ્યો. 'રોગ મટાડવા નવકારના પાંચ પદ અક્ષરેઅક્ષર ઊંધા ક્રમથી ગણવા.' મેં તથા પત્નીએ ઊંધા નવકાર ગણવાનું ચાલુ કરી દીધું. તેના પ્રતાપે મુંબઇ જઇને નિષ્ણાત ડોકટરોને બતાવતાં જાણવા મળ્યું કે ક્ષય નથી. ન્યુમોનાઇટીશનો ડાઘ છે. કેમીપેનની સામાન્ય ગોળી ખવડાવી અને સારૂં થઇ ગયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૮ વર્ષની વયે પંડિત ધીરજલાલ ટોકરશી શાહની બાળગ્રંથાવલિની ત્રણ પુસ્તિકાઓ, **૧. મહાત્માનો મેળાપ ૨. મન જીતવાનો માર્ગ** અને **૩. સિદ્ધિદાયક સિદ્ધચક્ર** વાંચવાથી નવકારનું વર્ણન મને ગમી ગયું. દરરોજ સમજપૂર્વક નવકારનું વર્ણન વિચારવાનું શરૂ કરી દીધું. પહેલાં ૪૦ મિનિટ લાગતી પણ જેમ જેમ વધુ જાણવાનું મળતું ગયું તેમ તેમ સમય વધુ લાગતો ગયો. દરરોજ એક વખત નવકાર સમજી જતાં ૪॥ કલાક લાગવા માંડ્યા. એ પૂરું થયા પછી ૧૧॥ વાગે દંતશુદ્ધિ, સ્નાન તથા ભોજન વગેરે થઈ શકતું. આની જબરી અસર થઈ. છ મહિનામાં ગુસ્સો ઘણો જ ઘટી ગયો. ધર્મનો આદેશ પાળતો થયો ને ૨૬॥ વર્ષ જૂનો દમનો વ્યાધિ મટી ગયો, જેને ડોક્ટરોએ અસાધ્ય કહ્યો હતો.

હવે મારું વર્તન સુધર્યું, તેથી સૌનો મારા તરફનો અણગમો ઘટવા લાગ્યો. મારી બુદ્ધિમાં વધારો થવા લાગ્યો. અને તે સદ્બુદ્ધિ થતી ગઈ, તેથી લોકોમાં આદર પામ્યો.

મને સિદ્ધિઓ અને લબ્ધિઓ જરૂરી જણાતી પણ જ્યાં સુધી એનો દુરુપયોગ મારા હાથે થાય એમ હોય ત્યાં સુધી તે ન મળે તો સારું એવી ભાવના રહેતી. ૩૬ વર્ષની વયે ધર્મજના જાડેજા નઉભાની ગળાની તકલીફ મટે તો સારું એવા ભાવ થતાં ગળાને હાથ અડાડ્યો કે તરત જ ઠંડક પસાર થવાનો અનુભવ થતાંની સાથે સારું થઇ ગયું. અણધાર્યો બનાવ હતો પણ મને થયું કે મારામાં શક્તિ પ્રગટ થઈ હશે. મેં જાતનિરીક્ષણ કર્યું તો જણાયું કે "કોઇ મારું બગાડે તો પણ તે સુધરે અને તે સુખી થાય એવા ભાવ રહ્યા કરે છે."

૩૭ વર્ષની વયે તા. ૬-૧-૭૦નાં અમારા છ એ બળદોને રજકાથી આફરો થયો હતો. માણસે કહ્યું કે અઠવાડીયા પહેલાં એક મજબૂત ગાયને રજકાથી આફરો થયો હતો ને તરત મરી ગઈ હતી. સારવાર કરવા જેટલો પણ સમય ન મળ્યો. મે તત્કાળ બધાને સારું થઈ જાય એ ભાવના સાથે નવકાર ઉલટા સમજવાનું ચાલુ કર્યું. પંદરેક મિનિટમાં નવકાર સમજી લીધો. ત્યારે જોયું તો બધા બળદોને સારું થઇ ગયું હતું.

આ પછી અમારી વાડીના ચોકીદાર શંભુ બારોટની ડોક એક બાજુ વળતી ન હતી, તેને બારેક દિવસ થઇ જવાથી ચિંતા કરવા લાગ્યો હતો. તેને સારું થઇ જાય એવા ભાવ સાથે ઉલટો નવકાર ટૂંકમાં સમજી ગયો. અમે છૂટા પડ્યા. પેલો ઘરે પહોંચ્યો ત્યારે ખબર પડી કે ડોક તદ્દન સારી થઇ ગઇ છે

પ્રત્યક્ષ પ્રમાણોથી બંને પુત્રી અને પત્નીને પણ નવકાર સમજી જવાની ઇચ્છા જાગી. ૧૯૭૧માં માર્ચથી ઓગસ્ટ સુધી દરરોજ દોઢ કલાક સમજાવ્યું અને તેઓ પણ નવકાર સમજવાની આરાધના કરતા થઇ ગયા.

અમુક કષ્ટો આપણા ભલા માટે હોય છે મારી લાંબી બીમારીના કારણે હું ધર્મ તરફ વળ્યો છું એટલે 'ભલું' કરનાર મુશ્કેલીઓ' સિવાયની મુશ્કેલીઓ દૂર થાય એવી ભાવના સાથે નવકારનો પ્રયોગ કરવાનું નક્કી કર્યું.

લાયજાથી પગપાળો સંઘ સુથરી પહોંચ્યો ત્યારે સંઘપતિની માળ હીરબાઇ જેઠા ખેતુને પહેરાવતી વખતે હાજર રહેવા અમે જીપ ગાડીમાં જતા હતા. જ્યારે બાડા ગામમાં પહોંચ્યા ત્યારે વાળવા છતાં ગાડી વળી નહિ. બ્રેક મારીને ભીંત તરફ જતાં રોકી. હવે સુથરી નહિ જવાય એમ લાગ્યું. નવકાર ચાલુ કરી દીધો પાછી હાંકી જોઇ તો ચાલી. વાળી જોઇ તો વળી. સંભાળપૂર્વક સુથરી સુધી હાંકી ગયા ત્યાં ઓળખીતો ડ્રાયવર હતો તેને ગાડી તપાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવાનું કહી અમે ઉપાશ્રયમાં પહોંચ્યાં. ડ્રાયવરે બીજા ડ્રાયવરને તેડીને જીપ હાંકી જોઇ પણ થોડું ચાલીને પૈડાં આપોઆપ વળી જતાં તળાવની પાળ પર ચડી ગઇ અને પખડે પડી ગઇ. વાળવાનું સ્ટીઅરિંગ કામ કરતું ન હતું. બધાને નવાઈ લાગી કે બાડાથી સુથરી સુધી આ ગાડી કેમ આવી શકી ? એ ડ્રાયવરને જ્યારે મગજની તકલીફ થઈ ત્યારે ડોક્ટરોએ કહેલું કે જિંદગીભર એ લાંબું અંતર ચલાવી શકશે નહિ. એક સાથે પંદર માઈલ જ ચલાવી શકશે. તેણે મને મંત્ર દ્વારા સાજો કરવાની વિનંતિ કરી. મેં નવકાર સમજવાનું શરૂ કર્યું અને તેને પોતાની ઉપર પીંછો ફરતો જણાયો. પાછળથી તેને તદ્દન સારું થઈ ગયું.

નવકારના પ્રતાપે મારી પવિત્ર ઇચ્છાઓ તરત ફળવા લાગી છે. જ્યારે લાયજાનાં દેરાસરની એક પ્રતિમાની હીરાની ટીલડી ચોરાઇ ગઇ હતી ત્યારે મેં ભાવના ભાવી કે, લઇ જનારને સદ્બુદ્ધિ સુજે અને પાછી મૂકી જાય. દશેક દિવસમાં કોઇ ટીલડી પાછી મુકી ગયું, જેમાં માત્ર એક લાલ કણ ઓછો હતો.

વડીલોની સગવડ માટે યાત્રાએ જવા અને વ્યાખ્યાન સાંભળવા જવા વધુ સારી ગાડી હોય તો સારું એમ મને લાગ્યું અને મારા ભાઇએ બે મહિનામાં પોતાની મેળે જ સારી ગાડી મોકલાવી દીધી.

એક યુવાનના ગળામાં મોટી ગાંઠ નીકળી હતી. દવાથી મટી નહિ. તેને જોયો ત્યારે મને થયું કે તેની ગાંઠ મટી જાય તો સારું. એ નિમિત્તે નવકારને એક વખત સમજી ગયો. થોડા સમય પછી તેની ગાંઠ મટી ગઇ હતી !

અમારા વિસ્તારનો જબરો ચોર ચોરી કરવાનું બંધ કરે એવા ભાવ જાગતાં મેં નવકાર સમજીને પૂરો કર્યો. બે વર્ષે તે ચોરે ચોરી કરવાનું છોડી દીધું હવે તે પોતાના ધર્મનાં સંતોની ભક્તિ કરે છે અને લોકોની સેવા કરે છે.

કોઇના નિકાચિત કર્મો હોય ત્યારે તેની તકલીફ દૂર થઇ શકે એમ ન હોવાથી મેં પ્રયત્નો કર્યા છતાં આખો નવકાર પૂરો થઇ શકયો નથી. અમારી વંડીની કૂતરી ખાઇ શકતી ન હોવાથી તેને સારું થઇ જાય એવા ભાવ સાથે નવકાર સમજવાનો પ્રયત્ન કર્યો. હું આખો નવકાર પૂરો કરી ન શકયો. થોડા દિવસે તે મરી ગઇ. સેવાળની સળીઓ ભોંકાવાથી તેના ગળામાં સડો થઇ ગયો હતો આયુષ્ય વધુ ન હોય કે મજબૂત ન હોય તેને બચાવવો મુશ્કેલ છે.

એક સાધ્વીએ દીક્ષા પહેલાં પોતાના ખરજવા માટે મને પાણી મંત્રી આપવાનું કહ્યું હતું. મેં પાણી પકડીને સમજતાં આખો નવકાર પૂરો કરીને તે પાણી તેમને આપતાં તેમને સુધારો જણાયો. આથી બીજી વખત પાણી મંગાવી લઇ ગયા અને સારું થઇ ગયું.

એક હરીજનની યોગ્યતા જોઇને જીવનનાં રહસ્યો સમજાવ્યાં તેનાથી તેનું જીવન નીતિ અને ધર્મમય થઇ ગયું છે. એક નાસ્તિક ગણાતા હાઇસ્કૂલના હેડમાસ્તરને નવકારની સમજણ તેમના શાસ્ત્રના આધારે સમજાવતા મહાઆસ્તિક થઇ ગયા છે.

એક હાઇસ્કૂલનાં મુખ્યશિક્ષિકાને સિદ્ધ અવસ્થા સમજાવવાથી તેમને સિદ્ધ થવાની ઝંખના જાગી છે.

નવકારને સમજવાનું શીખવવાથી ઘણાનાં જીવન બદલાઇ ગયાં છે. મંદબુદ્ધિવાળાની બુદ્ધિમાં વધારો થયો છે. સદ્બુદ્ધિ થઇ ગઇ છે જેમને ધાર્મિક ક્રિયાઓ વેઠ લાગતી હતી તેમને રસથી ભરેલી લાગવા માંડી છે.

આવા કલિયુગમાં પવિત્ર થવા માટે આસ્તિક થઇ જનારાની સંખ્યા વધતી જાય છે એ ખરેખર મોટામાં મોટો ચમત્કાર જણાય છે. જરૂર છે તેમને સહાય કરવાની. નવકારના ભાવગુણો વિષે સમજાવવાની વ્યવસ્થા થઇ શકે તો ઘણાનું કલ્યાણ થઇ જાય એમ છે. 卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વ. શ્રી યુ. એન. મહેતાની સંઘર્ષભરી, પ્રેરક જીવનગાથાનું વિમોચન

ગુજરાતના ઔદ્યોગિક જગતના તેજસ્વી જ્યોતિર્ધર સ્વ. શ્રી યુન. એન. મહેતાની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના અભ્યાસી ડૉ. કુમારપાળ દેસાઇની "આફતોની આંધી વચ્ચે સમૃદ્ધિનું શિખર" જીવનકથાના વિમોચનનો હૃદયસ્પર્શી સ્મરણાંજલિ આપતો કાર્યક્રમ અમદાવાદના ટાગોર હોલમાં યોજાયો હતો. શ્રી યુ. એન. મહેતાની જીવનકથાના વિમોચન પ્રસંગે એમના ઉત્તમ શ્રાવક તરીકેના ઉમદા ગુણોનું સ્મરણ કરવામાં આવ્યું હતું તેમજ અનેક ક્ષેત્રોમાં એમણે કરેલા દાનની સાથોસાથ નવસારીમાં જરૂરિયાતવાળા સાધર્મિકો માટે સમર્પણ ફ્લેટ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું અમદાવાદમાં સ્થપાયેલું કન્યા છાત્રાલય, શ્રી શત્રુંજય તીર્થ પર પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી માટે કરેલું માતબર દાન અને તપોવન સંસ્કારપીઠ તથા જિનાલયો, ઉપાશ્રય અને ધર્મશાળામાં આપેલા દાનનું સહુએ સ્મરણ કર્યું હતું.

આ પ્રસંગે શ્રી યુ. એન. મહેતાની જીવનકથાનું વિમોચન કરતાં વિખ્યાત બંધારણવિદ્, ચિંતક અને સાહિત્યકાર ડૉ. એલ. એમ. સિંઘવીએ કહ્યું કે સ્વ. યુ. એન. મહેતાની જીવનકથામાં સંઘર્ષ વચ્ચે જોવા મળતું અપૂર્વ માનવ પરાક્રમ છે, વ્યવસાયની સફળતાની સાથે જીવનની સાર્થકતાની આ રોમાંચક કથા છે જીવનનો હેતુ યશ કે અર્થ નથી, પણ વિશાળ કલ્યાણ ભાવના છે અને એ જેમનામાં પ્રગટ થયા છે એવા શ્રી યુ. એન. મહેતાના જીવનની ઊંડી મથામણ અને ગહન મર્મ સુધી એના લેખક ડૉ. કુપારપાળ દેસાઇ પહોંચી શકયા છે. આ જીવનકથા જેટલી વિશિષ્ટ છે એટલું જ આગવું, પ્રેરક અને હૃદયસ્પર્શી એનું આલેખન છે આ જીવનકથા શ્રી ઉત્તમભાઇ મહેતાનો "લિવિંગ વોઇસ" (જીવંત અવાજ) બની છે. એક સાર્થક જીવનને–અપૂર્વ માનવપરાક્રમને અદ્ભુત કલા કસબથી કંડારવામાં આવ્યો છે.

શ્રી યુ. એન. મહેતાની જીવનકથાના લેખક શ્રી કુમારપાળ દેસાઇએ જણાવ્યું હતું કે આમાં વ્યક્તિ જીવનભર ગુપ્ત રાખે એવી ઘણીયે ઘટનાઓ છે. ઘોર નિરાશા, જીવલેણ બિમારીઓ અને માનસિક યાતના અને મૂઝવણોથી ઘેરાઇ ગયેલી વ્યક્તિએ જીવનયુદ્ધ ખેલીને કઇ રીતે સફળતા મેળવી એની વાત આમાં આલેખાઇ છે એમની આ જીવનકથા સાથે એમના પત્ની શારદાબહેનની સમર્પણકથા વણાયેલી છે. આર્થિક, માનસિક અને શારીરિક સંઘર્ષોને પાર કરીને ઉત્તમભાઇએ વિરાટ ઔદ્યોગિક સામ્રાજ્ય ઊભું કર્યું અને પછી એમાંથી મળેલી સંપત્તિનું લોકકલ્યાણના માર્ગે વિસર્જન કર્યું. આ કથા એકાદ દાયકા પછી કોઇ વાંચશે તો તેને એમ લાગશે કે આવું જીવન જીવવું શકય હશે ખરું? સમારંભના પ્રમુખ શ્રી દીપચંદભાઇ ગાર્ડીએ શ્રી યુ. એન. મહેતાને પોતાના વહાલસોયા નાનાભાઇ તરીકે ઓળખાવીને એમના જીવનમાંથી ભવિષ્યની પેઢીને મળનારી પ્રેરણાઓનો સંકેત કર્યો હતો. આ જીવનકથાનું વિમોચન કર્યા બાદ ડૉ. એલ. એમ. સિંઘવીએ આ ગ્રંથ શ્રીમતિ શારદાબહેનને અર્પણ કર્યો હતો. સમારંભનું કુશળ સંચાલન કરતા શ્રી મુકેશ પટેલે એમ કહ્યું કે જેવી આ જીવનગાથા પ્રેરક છે એવી જ એની આલેખનરીત અદ્ભુત છે અંતે ટોરેન્ટ પરિવાર વતી અમદાવાદ ઇલેકટ્રીસીટી કંપનીના મેનેજિંગ ડિરેકટર શ્રી ચીનુભાઇ શાહે ઉત્તમભાઇ સાથે ગાળેલી ક્ષણોને યાદ કરીને આભારવિધિ કરી હતી અને કહ્યું હતું કે શ્રી ઉત્તમભાઇ તેમની ભાવનાઓ, આદર્શો અને સત્કાર્યોથી આવતી પેઢીને પ્રેરણારૂપ બની રહેશે. 卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ. પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૧૩ મો ] [ ગુરુ વાણી ભાગ-૧માંથી સાભાર... ]

( ગતાંકથી ચાલુ.... )

આ માણસને એમ થયું કે વળી આ કઇ જાતનો રોગ. એણે ડોકટરને પૂછયું કે આ રોગ કઇ જાતનો ? ડોકટર કહે કે ‘ God only knowes ’ અર્થાત્ ફક્ત ભગવાન જ જાણે છે. આપણને પણ ઇર્ષ્યા આદિ સ્વભાવગત દોષોનો એક એવો વ્યાધિ લાગુ પડેલો છે કે એનો ઇલાજ ગુરૂ ભગવંતો-જ્ઞાની મહાત્માઓ જ જાણે છે.

માણસના સ્વભાવમાં જો સૌમ્યતા હશે તો એની વાણી પણ મીઠી હશે. અનંત પુણ્યના ઉદયે આપણને વાણી મળી છે. વાણીનો ઉપયોગ પ્રિય બોલવા તથા ભગવાનની સ્તુતિ કરવા માટે કરવો જોઇએ. જ્યારે આપણે તો તેનો ઉપયોગ જેમ-તેમ બોલવામાં અર્થાત્ પથરા ફેંકવામાં જ કરીએ છીએ. પૂ. હેમચંદ્રસૂરિ મહારાજે ચારિત્રની બે વ્યાખ્યા કરી છે. એક તો એ કે પાંચ મહાવ્રત અને બીજી અષ્ટ પ્રવચનમાતા. આમાં પણ ભાષાસમિતિ પર વધારે ભાર મૂકયો છે. કારણ કે.... માણસની મતિ, કુળ વગેરે તેની વાણી પરથી પારખી શકાય. જ્યારે આપણે તો કડવી વાણી રૂપી બાણો જ સામાને મારીએ છીએ. આપણામાં જરાયે સભ્યતા નથી. ભગવાન કેવળજ્ઞાન પામ્યા. શેના બળથી ? મૌનના જ ને ? મૌનની સાધનામાં ખૂબજ તાકાત છે. વાણી સાચી તેમજ હિતકારી બોલવી જોઇએ. બીજાની હિંસા કરનારી, અહિત કરનારી, સાચી વાણી પણ બોલવી જોઇએ નહીં.

એક તાપસ હતો. સત્યવાદી હતો અને તે ગામની બહાર રહેતો હતો. હવે એવામાં બન્યું એવું કે ધાડ-પાડુઓ ધાડ પાડવા માટે આ ગામમાં આવ્યા. ગામ લોકોને આગળથી ખબર પડવાથી બધા પોતાના દર-દાગીના લઇને ગામની બહાર મોટી ઝાડી હતી તેમાં ભરાઇ ગયા. હવે ધાડ-પાડુઓ આવ્યા ગામમાં જોયું. ગામ આખું ખાલી એટલે તેઓએ વિચાર કર્યો કે ગામની બહાર રહેલા તાપસને પૂછીએ. એ સત્યવાદી છે માટે એ સત્ય કહેશે. તેઓએ તાપસને પૂછયું. એટલે તાપસે પહેલાં તો કહ્યું કે જે જાણે છે તે બોલતી નથી અને જે જાણતી નથી તે બોલે છે.

આંખો જાણે છે પણ બોલતી નથી. જીભ જાણતી નથી પણ બોલે છે. આમ વારંવાર બોલવા લાગ્યો. એટલે પેલા ચોરોએ કહ્યું કે તમે સત્ય બોલો. તમારી સત્યવાદી તરીકે પ્રસિદ્ધિ છે. કાં તો અસત્ય બોલો, તમારી પ્રસિદ્ધિ ભલે મટી જાય. આ મહાત્માએ વિચાર કર્યો કે ખોટું બોલીશ તો મારી પ્રસિદ્ધિ ધૂળમાં મળી જશે. માટે તેણે સત્ય કહી દીધું કે આ ઝાડીમાં ભરાયા છે છેવટે પરિણામ એ આવ્યું કે ચોરોએ બધાને લૂંટી લીધા અને મારી નાખ્યા. આ કૌશિક નામનો ઋષિ સાતમી નરકે ગયો. મહાત્માઓ કહે છે કે આવું સત્ય ન બોલવું જેનાથી અસંખ્યના જીવન રોળાઇ જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનમાં જેટલી વાણીની સચ્ચાઇ જરૂરી છે તેટલી જ ન્યાય અને નીતિની પણ જરૂર છે. નીતિથી કરેલી કમાણી માણસને સત્કાર્ય કરવા પ્રેરે છે. એક શેઠ હતા. શેઠને ત્યાં મોટો કરિયાણાનો વેપાર ચાલે. આ શેઠે કર્યું શું? લેવાનાં અને દેવાનાં બન્ને કાટલાં જુદા રાખે. શેઠને બે પુત્ર હતા તેમાં એકનું નામ વધિયો રાખેલું અને બીજાનું નામ ઘટિયો રાખેલું. આ શેઠને જ્યારે માલ લેવાનો હોય ત્યારે વધિયાને કહે મણીકું લાવ. એટલે તે મોટું મણિકું લાવે અને જ્યારે દેવાનું હોય ત્યારે ઘટિયાને બૂમ પાડે તેથી નાનું માણિકું લાવે. આ અનીતિના વેપારથી શેઠ ખુશ થાય. હવે મોટા છોકરાને પરણાવ્યો. વહુ ઘરમાં આવી. એક દિવસ વહુએ સસરાને કહ્યું કે બાપુજી આપ વધિયા અને ઘટિયા એમ કહીને કોને બોલાવો છો? એવું તો કોઈનું નામ આપણા ઘરમાં છે નહીં એટલે સસરાએ બધી વાત વહુને કરી. વહુ ધર્મને પામેલી હતી. તેને થયું કે આ અનીતિના પૈસાથી જ ઘરમાંથી માંદગી જતી નથી અને પુરૂં ખાવા મળતું નથી માટે તેણે પોતાના સસરાને કહ્યું કે તમે ન્યાયથી વેપાર કરો. આ અનીતિના પૈસા આવે છે માટે જ આવા કંકાસ ઘરમાં ચાલી રહ્યા છે સસરાને ગળે વાત ઉતરી તેણે નીતિથી વેપાર શરૂ કર્યો. ચારે બાજુ શેઠની પ્રમાણિકતાના વખાણ થવા લાગ્યા ઘરાકી સારા પ્રમાણમાં રહેવા લાગી. અને થોડા જ વખતની અંદર સાચા શેઠ તરીકે પ્રસિદ્ધ થઈ અને ખૂબ આબાદી વધવા લાગી. શેઠ સુખી થઈ ગયા. શેઠને પછી પ્રતિતી થઇ કે આ વહુ લક્ષણવંતી છે અને તેનાથી જ આ ઘરની આબાદી વધી છે, ઘરમાં ખૂબ જ તેનું માન વધ્યું. એક વખત વહુએ કહ્યું કે તમે એક સોનાની પાંચશેરી બનાવો. તેની પર 'સાચા શેઠ' એવું નામ લખો તેને બજારની વચ્ચે મૂકી દો. પછી જુઓ આ નીતિનું ધન.

શેઠે તે પ્રમાણે કર્યું. તો કોઇ માણસ દોડતો દોડતો આવીને કહે શેઠ આ તમારી પાંચશેરી બજારમાં રખડતી હતી, ઉપર તમારૂં નામ છે. પછી બીજી વખત આ શેઠ તે પાંચ-શેરીને તળાવમાં ફેંકી દે છે. તળાવમાં માછલું ગળી જાય છે. એ માછલું માછીમારને ત્યાં જાય છે, માછીમારના હાથમાં પાંચશેરી આવે છે. નામ વાંચે છે. દોડતો શેઠને આવીને કહે છે– શેઠ! આ તમારી પાંચશેરી છે, લઇ લો. જૂઓ નીતિનું ધન જ્યાં હશે ત્યાંથી પાછું જ આવવાનું છે. શેઠને નીતિના વેપારની પ્રતિતી થઇ પછી શેઠને ખૂબ જ સુખ–સુખ થઇ ગયું.

આજે માણસો ડેકોરેશન પાછળ લાખો રૂપિયા ખર્ચે છે પણ એક સળગતા દિલને સાંત્વન આપવા એક આનો ખર્ચવા તૈયાર નથી. પણ આ બહારના વૈભવને માણસ જેમ–જેમ વધારતો જાય છે તેમ–તેમ તેની ભૂખ વધતી જાય છે. તેને જીવનમાં અપૂર્ણતા જ લાગે છે. જ્યારે માણસ જો પોતાની અંદરનો વૈભવ વધારે તો જીવન એટલું બધુ સુખમય બની જશે કે તેની કલ્પના પણ નહીં આવે. આંતરવૈભવનું સુખ એવું છે કે તમે જેમ–જેમ કોઇને સુખ આપો તેમ તમારૂં સુખ વધતું જશે જ્યારે બહારના વૈભવનું સુખ એવું છે કે તમે જેમ જેમ આપશો તેમ ખૂટી જશે. કદાચ વૃદ્ધિ પામશે તો પણ આંતર વૈભવ જેટલું તો નહીં. તમે સામાને જેટલો પ્રેમ આપશો તેમ તમારો પ્રેમ વૃદ્ધિ પામતો જશે. બહારની ચીજોનો તમે જેમ જેમ વધારો કરતા રહેશો તેમ તેમ તમે અપૂર્ણ બનતા જશો. જ્યારે આંતર વૈભવ જેમ જેમ આપતા જશો તેમ–તેમ પૂર્ણ બનતા જશો.

સમકિતની મુખ્ય નિશાની અનુકંપા છે. અનુકંપા એટલે દયા નહીં. પરંતુ બીજાનું દુઃખ જોઇને એ આકુળ–વ્યાકુળ બની જાય. તેનું હૃદય કંપવા લાગે તે અનુકંપા. દયાનો તેનાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણો ઉતરતો દરજ્જો છે. ભગવાનના હૃદયમાં અનુકંપા ચિક્કાર ભરેલી હોય છે. બસ ધ્યાન ધરતાં પણ તેમના મગજમાં એક જ વિચાર ઘૂમી રહ્યો હતો કે હું આ જગતના જીવોને કેવી રીતે દુ:ખથી મુક્ત કરૂં ? તેનું કેમ હિત કરૂં ? બસ આજ એક લગની હતી. ત્યારે તો એ જગતના તમામ જીવોને માટે પૂજ્ય બની ગયા. ધર્મનો પ્રાણ કરૂણા છે. જ્યારે સંગમદેવે મહાવીર ભગવાનને છ છ મહિના સુધી ઉપસર્ગો કર્યા ત્યારે તો કોઇ દિવસ ભગવાનની આંખમાં પાણીનું એક બિંદુયે આવ્યું નથી પરંતુ જ્યારે આ સંગમ વિદાય લે છે ત્યારે ભગવાનની આંખો કરૂણાથી છલકાઇ ઉઠે છે. બસ એમને એ જ વિચાર આવે છે કે આ બિચારો છ–છ મહિના મારા સંસર્ગમાં રહ્યો છતાં દુર્ગતિમાં જશે કેવી ભગવાનની કરૂણા....! આટ–આટલા ઉપસર્ગો કર્યા છતાં તેના પર કેવો અજોડ પ્રેમ...!

માણસ હંમેશાં નામને અમર બનાવવા ઇચ્છે છે. નામને નહીં પણ કામને અમર બનાવતાં શીખો. એવા સત્કાર્યો કરો કે તમારૂં કામ અમર બની જાય.

જીવનની સિદ્ધિ ધર્મરૂપી ધન કમાવામાં રહેલી છે. નહીં કે પૈસો કમાવામાં....ખાવાનું પીવાનું કામ તો જીવ દરેક યોનિમાં કરતો આવ્યો છે. આ જીવનમાં પણ એનું એ જ કાર્ય ચાલુ રહેશે તો પછી સંસારના ફેરા કયાંથી ટળવાના ? જ્યારે ધર્મનું મહત્ત્વ સમજાય છે ત્યારે આ જીવન કોઈ ઉચ્ચ કોટીનું બની જાય છે.

હિંસા કરવાથી માણસ દુર્ગતિમાં જાય છે. માંસાહાર કરવાથી–મહારંભને કરવાથી–મહા-પરિગ્રહ કરવાથી નારકીમાં જાય છે. શાસ્ત્રમાં પંદર કર્માદાન આવે છે જે નરકમાં લઇ જનારાં છે. કર્માદાન એટલે શું ? કર્મનું આદાન કર્મ બાંધવાનો વેપાર. પરિગ્રહની ઇચ્છાથી જ માણસ આવા કર્માદાનોનું સેવન કરતો હોય છે. કારણ કે ઇચ્છા તો આકાશ જેટલી અનંત છે પરિગ્રહને ઓછો કરી ન શકો તો કાંઇ નહીં પરંતુ ઇચ્છાનું તો પરિમાણ કરો. આપણું શરીર આખું અશુચિથી જ ભરેલું છે. માણસને સંડાસમાં બેસી રહેવાનું મન થાય ખરૂં ? ગમે તેવું ઉત્તમમાં ઉત્તમ ભોજન પણ આ શરીરરૂપી ગટરમાં જતા કેવી દુર્ગંધવાળું બની જાય છે ? અરે આપણે જમ્યા પછી પણ આપણને વોમિટ થાય તો એની સામે આપણે એક ક્ષણ માટે જોઇએ ખરા ? ત્યાંથી ભાગી છૂટીએ. દુનિયામાં બધા મશીન કાચા માલમાંથી પાકો માલ બહાર પાડે છે. જ્યારે આ શરીરરૂપી એકજ મશીન એવું છે કે તે પાકા માલને કાચો કરીને બહાર ફેંકે છે અને એ માલને જોવો પણ ન ગમે. ઉત્તમમાં ઉત્તમ મિષ્ટાન પેટમાં જતાં જ વિષ્ટા રૂપે પરિણામ પામે છે. બહારથી સુંદર દેખાતા આ શરીરમાં કેટલી અશુચિ ભરેલી પડી છે ? મહાપુરૂષો કહે છે કે આ શરીર પંપાળવા માટે નથી. અર્થાત્ પોષવા માટે નથી પણ શોષવા માટે છે. આપણે દિવસ અને રાત દેહની પૂજામાં જ પડ્યા છીએ. જ્યારે શાસ્ત્રકારો ફરમાવે છે કે દેહની નહીં પરંતુ દેવની પૂજા કરો. માણસોને બધો વૈભવ મળે એટલે એ એમ જ માને છે કે મારો જન્મ સફળ... પણ મહાપુરૂષો કહે છે કે જન્મ સફળ નહીં પણ ધર્મ વિના નિષ્ફળ.... પરમાત્માના રૂપ સિવાય જગતમાં કોઇ એવું અદ્ભુત રૂપ નથી. આ શરીરમાંથી સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર રૂપી ત્રણ રત્નો કાઢી લો. જેમ સમુદ્રમાં અગાધ પાણી રહેલું છે તેમ આ આત્મામાં અખૂટ ખજાનો ભરેલો છે.

ભવરોગ અને ભાવરોગ–આ બે મોટા રોગો આપણને લાગેલા છે. આપણા ચિત્તના એટલા કલુષિત પરિણામો છે કે રાગ–દ્વેષ ને મોહમાં ચિત્ત ખુબ જ વ્યાકૂળ બનેલું છે. જ્યાં સુધી આ ભાવરોગો છે ત્યાં સુધી ભવરોગ રહેવાનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મરૂપી ઝવેરાત કમાવા માટે ગુણોનો વૈભવ જોઇશે. જો ગુણો રૂપી વૈભવ નહીં હોય તો ધર્મરૂપી ઝવેરાત મેળવી નહીં શકો.

હવે ધર્મને યોગ્ય બનવા માટેનો ચોથો ગુણ .. **લોકપ્રિયતા...**

ધર્મ કરનાર માણસ લોકોમાં પ્રિય હોવો જોઇએ. એક બાજુ ખૂબ જ તપશ્ચર્યા કરતો હોય અને બીજી બાજુ કંજુસનો કાકો હોય તો તેના વખાણ થાય કે હાંસી... જે માણસ ધર્મ કરતો હોય એ કોઇ દિવસ કોઇનું ઘસાતું બોલે નહીં અને એનું પણ કદાચ કોઇ ઘસાતું બોલે તો પણ કદીએ તેના પર ગુસ્સે થાય નહીં.

જીવનમાં આ ચાર વસ્તુ ગોખી લો. ચાલશે, ફાવશે, ભાવશે, ગમશે. કોઇપણ વસ્તુ ગમે તેવી હોય તો તેને યોગ્ય બનતાં શીખો. આ નહીં ચાલે એ મગજમાંથી કાઢી નાખો. લોકપ્રિય માણસ બનવું હોય તો નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ.

ઇહલોક વિરૂદ્ધ અને પરલોક વિરૂદ્ધ કોઇપણ કાર્ય ન કરો. ઇહલોક વિરૂદ્ધ-જીવનમાં કોઇની પણ નિંદા ન કરવી. દુનિયામાં સૌથી વધારે ગળી ચીજ કઇ? ગરજ....ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે. અને આનાથી પણ ગળી ચીજ નિંદા છે. નિંદાનો રસ એવો છે ને કે માણસ કલાકોના કલાકો સુધી સાંભળ્યા કરે ને તો પણ તેને કંટાળો આવે નહીં.

એક ગામમાં એક મુનિ મહારાજ રહેતા હતા. તેઓ માસક્ષમણને પારણે માસક્ષમણ કરતા હતા. લોકોમાં ખૂબ જ ખ્યાતિ હતી. કેવા તપસ્વી.... કેવા ત્યાગી.... એવામાં કોઇ બીજા સાધુ મહારાજ ત્યાં ફરતાં-ફરતાં આવી ચડ્યા. ચોમાસાનો સમય નજીક હતો. તેથી તેજ ગામમાં ચોમાસા માટે રહે છે. ઉપાશ્રયમાં આ મહારાજની ઉપર ઉતરે છે. આ મહારાજ દરરોજ વહોરવા માટે સીડી પરથી નીચે ઉતરે છે. તેમનાં મનમાં એક જ વિચાર આવે છે. અરે રે... કયાં આ તપસ્વી અને કયાં હું? હું કેવો શિથિલ.... ઉત્તમકુળમાં અવતર્યા છતાં તપ-ત્યાગ કરી શકતો નથી. આ રીતે દરરોજ તેઓ પોતાના આત્માને નિંદે છે. જ્યારે દરરોજ ત્રણ ત્રણ વખત વહોરવા જતા આ મહારાજને જોઇને પેલા તપસી મહારાજ વિચારે છે કે આ કેવો જીભને પરવશ છે, ધિક્કાર છે આ ભૂખડી બારસ ને! આ પ્રમાણે એની નિંદા કર્યા કરે છે....ગામના શ્રાવકો આવે ત્યારે પણ તેમની પાસે તપસ્વી મહારાજ આની જ નિંદા કર્યા કરે છે. હવે ચોમાસું પૂરું થયું. આ પાટલિપુત્રની વાત છે. ત્યાં કોઇક કેવળી ભગવંત પધારે છે. ગામના લોકો દેશના સાંભળવા જાય છે. દેશના સાંભળીને ગુરૂ મહારાજને પૂછે છે કે ભગવંત આ વખતે ચોમાસામાં બે સાધુ ભગવંત અહીં રહ્યા હતા એમાં એક તપસ્વી હતા. અને બીજા ખાઉધરા....આ બેની કઇ ગતિ થશે?

આ સાંભળી ગુરૂભગવંત કહે છે સાંભળો! જે તપસ્વી મુનિ હતા. તે મરીને દુર્ગતિમાં જશે અને સંસારમાં ઘણું ભટકશે. જ્યારે તમે જેને ખાઉધરો કહો છો એ થોડા કાળ પછી મોક્ષે જશે. આ સાંભળીને ગામ લોકો આશ્ચર્યચકિત થઇ ગયા. ગુરૂ ભગવંતે કહ્યું કે જે તપસ્વી મુનિ હતા તેમણે આખો દિવસ નિંદાનો જ ધંધો કર્યો જ્યારે પેલા સાધુએ પોતાના આત્માને નિંદ્યો છે નિંદા કરવાથી તથા અહંકાર આવવાથી માણસ હજારો વર્ષના તપને ધોઇ નાંખે છે. બાહુબલીને કેવળજ્ઞાન થવામાં અહંકાર જ આડો આવ્યો હતો ને...! નહિ તો કેવી ઉગ્ર તપશ્ચર્યા હતી... પણ જ્યાં અહંકાર ભાગ્યો કે તરત કેવલજ્ઞાન....! ખાલી નમવાનો વિચાર પણ માણસને છેક કયાં સુધી લઇ જાય છે?

ચેતના-ઉપયોગ.... આ ચેતના એક રંગીન ચીજ છે તેને જેવા પદાર્થનો સંયોગ કરાવીએ તેવો રંગ લાગે છે. સદ્ગુણોથી રંગીએ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્‌ગુણો આવે અને દુર્ગુણોથી રંગીએ તો દુર્ગુણો આવે... **ગુણવાનની નિંદા કરવી એ તો અતિ ભયંકર પાપ છે.** ભગવાનની પાસે સરળહૃદયની પ્રાર્થના જલ્દી પહોંચે છે. એક મંદિરમાં ધર્મગુરૂ પ્રાર્થના કરાવતા હતા. બધા સારી રીતે પ્રાર્થના ઝીલતા હતા.... તેમાં એક નાનો છોકરો હતો.... તે પણ પોતાના હાથના મટકાથી.... પ્રાર્થના કરતો હતો.... ધર્મગુરૂએ તેને કહ્યું કે અલ્યા તું શું કરે છે? તને શું પ્રાર્થના કરતાં આવડે છે? પેલો છોકરો કહે છે કે જુઓ બધી પ્રાર્થના તો સ્વર અને વ્યંજન અથવા બારખડીમાંથી જ બનેલી છે.... હું ભગવાનને આખી બારખડી કહી દઇ છું અને કહું છું કે ભગવાન આ બારખડીમાંથી તમે તમારી પ્રાર્થના બનાવી લેજો.... આ સાંભળી ધર્મગુરૂ હસી પડ્યા. કેવું સરળ હૃદય !....

( ક્રમશઃ )




જેમની ભક્તિ સર્વ પ્રકારનાં ભયોનું ભંજન કરનારી છે

અને

સકલ મનોરથની સિદ્ધિ કરનારી છે.

તેવા

શ્રી અરિહંત દેવોને અમારી કોટિ કોટિ વંદના હો

: 卐 :

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**Indchem Marketing Corporation**

32, Shamaldas Gandhi Marg,
Saraf Mansion, Mumbai-400 002
Phone : 2617367-68

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ માણસને તારે છે....

એક શેઠ. લાખોનાં લેખાં-જોખાં કરે અને કરોડોનો કારોબાર સંભાળે. શ્રીમંતાઈ ખરી, પણ આછકલાઈનું નામ નહિ!

એમાંય પાછું શેઠના હૈયે ધર્મ વસેલો. ભલાઈ એમને ભાવે અને સાદગી એમને ફાવે. જ્ઞાનની વાતમાં ઊંડી રુચિ ધરાવે. પંડિત મદનમોહન માલવીયાજી માટે એમને ગજબનો આદરભાવ. એમનો પડ્યો બોલ ઝીલે. કદીક મન મુંઝાય તો પંડિતજી પાસે પહોંચી જાય. પંડિતજી પરામર્શ કરી પથદર્શન આપે

કાળ ઉપર કોઈનો કાબૂ નથી ચાલતો.

એક વખત શેઠનો કપરો કાળ શરૂ થયો. શેઠનો કારોબાર તૂટવા લાગ્યો. એમની પેઢીઓ ડુબવા લાગી... જાણે ધર્મીના ઘેર જ ધાડ પડી!

નવાં નાણાં કોઈ ધીરે નહિ.

જૂના લેણિયાતો નાણાં મેળવવા તકાદા કરે.

શેઠની મતિ મૂંઝાઈ. એમનું મન દ્વિધામાં અટવાયું, કારોબાર કેમ કરીને ચલાવવો?

પંડિત માલવીયાજીને આ વાતની જાણ થઈ. તેમણે શેઠને બોલાવ્યા. શેઠ આવ્યા. પંડિતજીએ પૂછ્યું:

'શેઠ, કારોબાર કેમ ચાલે છે?'

'પંડિતજી! કપરો કાળ આવ્યો છે. આબરૂના ધજાગરા થાય એવા દહાડા આવ્યા છે....' શેઠ ઢીલા અવાજે બોલ્યા.

'પણ આમ ઉદાસ થવાથી તો કાંઈ ઉપાય નહિ જ મળી જાય ને?'

'મને તો કાંઈ સૂઝતું જ નથી....શું કરું?'

'મારે તો તમને કંઈક બીજી જ વાત કરવાની હતી' પંડિતજી બોલ્યા.

'શી વાત?'

'અમારી કાશી વિશ્વવિદ્યાલય માટે આપના તરફથી મોટી રકમનું દાન મળે તેવી અપેક્ષા છે.'

'પંડિતજી! મારા ઘા ઉપર નમક કાં છાંટો છો? લેણિયાતોના તકાદા મને ઉજાગરા કરાવે છે, ત્યાં તમને દાન તો શી રીતે આપું?'

'શેઠ, હું સામે ચાલીને તમારી પાસે દાન માગું છું. હવે શું કરવું તે તમારે નક્કી કરવાનું છે!'

શેઠ વિચારમાં પડ્યા. પંડિતજીની વાતમાં કંઈક ઊંડો મર્મ હશે એમ તેમને લાગ્યું. તેમણે વિચાર્યું કે, આમેય કરોડો રૂપિયા ગુમાવ્યા છે, તો હવે થોડા વધારે! કાલ કોણે દીઠી છે? ભલું કરવાની વાત હોય ત્યાં ભાવિનો ભય ના રખાય!

'શું વિચારો છો, શેઠ?'

'પંડિતજી! આપની વાત પાછી કેમ ઠેલાય?'

'તો પછી બોલો રકમ....'

'એક લાખ રૂપિયા....'

'એટલી રકમથી કાંઈ ના થાય....' પંડિતજી બોલ્યા.

'પણ અત્યારે મારા સંજોગો....' શેઠ અટકી ગયા.

'સંજોગો તો ફરીથી સુધરી જશે....'

'તો લખો બે લાખ રૂપિયા....' 'ના હજી રકમ વધારો.' 'ત્રણ લાખ રૂપિયા....'

'શેઠજી! ચાલો પાંચ લાખ પૂરા લખાવી દો....'

શેઠ ઘડીભર વિચારમાં પડ્યા અને પછી બોલ્યા, 'ઠીક છે, જેવી આપની ઇચ્છા.'

શેઠે પાંચ લાખ રૂપિયાનો ચેક મોકલી આપ્યો.

પંડિતજીએ આ વાત વિવિધ અખબારો દ્વારા જાહેર કરી. લોકો વાત જાણીને વિસ્મયમાં પડ્યા. સૌને લાગ્યું કે, જો શેઠની પેઢી ડૂબી હોય તો પાંચ લાખનું દાન શી રીતે કરે? લોકો ખોટી અફવાઓ ફેલાવીને શેઠને બદનામ કરવા બેઠા છે....!

લોકોને શેઠના પ્રત્યે શ્રદ્ધા જાગી, સૌએ તેમને ત્યાં ફરી થાપણો મૂકવાનું શરૂ કર્યું. લેણિયાતોએ તકાદા બંધ કર્યા શેઠના સંજોગો ફરીથી સોળે કળાએ ખીલી ઊઠ્યા. તેમનો કારોબાર ફરીથી ધમધમી ઉઠ્યો.

ડૂબતી પેઢી તરતી થઈ!

શેઠે પંડિજીનો આભાર માન્યો પંડિતજી કહે, 'શેઠ ધર્મ જ માણસને તારે છે. તમે મન મોટું કર્યું તેનો તમને બદલો મળ્યો. રૂડી ભાવના ભાવજો, દિલમાં દયા રાખજો ભલું કરનારનું ભૂંડું કદીય થતું નથી ને કદી થશેય નહિ.'

ધર્મ આફતમાં ય રાહત આપે છે. ધર્મનો પંથ માનવીને સદાય અધિકાર આપે છે.

[ લેખક શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર....]

For Private And Personal Use Only



## એકતા ત્યાં ઉન્નતિ

त्यक्त्वा विरोध सकलं,
जातिधर्मनिबन्धनम् ।
अन्योन्यसौमनस्येन,
सर्वे साधयतोन्नतिम् ॥

卐

☒ જાતિ અને ધર્મના ભેદોને આગળ કરી ઉપજાવેલા બધા વિરોધોને શમાવી દો અને પરસ્પર મીઠા દિલથી એક થઈ ઉન્નતિ સાધવા લાગી જાઓ.

卐

☒ Remove all quarrels engendered by putting forth racial and religious differences, seek unity of hearts and ascend to the path of progress.

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
C/o. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર